# મકરસંક્રાંતિ

## સ્વામી ઇંદિરાનંદ દ્વારા લિખિત

ભારતમાં, મકરસંક્રાંતિ સૂર્ય દેવતાની આરાધના માટે સમર્પિત તહેવાર છે, સૂર્ય દેવતાનો પ્રકાશ આ ગ્રહ પર બધા જીવોનું પાલનપોષણ કરે છે. આ દિવસે સૂર્ય ઉત્તર દિશામાં પોતાની છ મહિનાની યાત્રાનો આરંભ કરે છે, તેથી મકરસંક્રાંતિ પછી ઉત્તર ગોળાર્ધમાં દિવસ લાંબો થતો જાય છે. શ્રીગુરુની કૃપાથી જે સાધકની અંતર-જાગૃતિ થઈ છે, તેના માટે સૂર્ય દેવતાની આ યાત્રા જેને 'ઉત્તરાયણ' પણ કહેવામાં આવે છે, તે કુંડલિની શક્તિના આંતરિક ઊર્ધ્વગમનને દર્શાવે છે. અંતર ઉત્તરાયણની આ મહાયાત્રા દરમ્યાન, કુંડલિની સાધકનાં વિભિન્ન ચક્રોમાં થઈને હજાર પાંખડીઓવાળા દેદીપ્યમાન સહસ્રાર તરફ વધે છે.

મકરસંક્રાંતિ ભારતના એવા થોડાક તહેવારોમાંનો એક છે જે સૌરચક્ર પર આધારિત છે. ભારતીય પંચાંગ અનુસાર મકરસંક્રાંતિનો આ તહેવાર ખાસ કરીને ૧૪ જાન્યુઆરીએ મનાવવામાં આવે છે.

સંસ્કૃત શબ્દ સંક્રાંતિનો અર્થ છે, "સંક્રમણ કે પ્રવેશ" અને વૈદિક જ્યોતિષ કે ખગોળશાસ્ત્રમાં દસમી રાશિને 'મકર' કહેવામાં આવે છે. મકર એક પૌરાણિક જીવ છે જે જળચર અને ભૂચર બંને છે. તેને ઘણીવાર મગરના રૂપમાં દર્શાવવામાં આવે છે. તેને ઉંબરાનો અને પ્રવેશદ્વારનો રક્ષક માનવામાં આવે છે.

મકરસંક્રાંતિના દિવસે ભારતભરમાં લોકો મહાન યોદ્ધા, ભીષ્મ પિતામહનું સન્માન કરે છે જેઓ ધર્મના મૂર્તરૂપ હતા. ભારતના મહાકાવ્ય મહાભારતમાં વર્ણન છે કે આક્રમક યુદ્ધમાં ભીષ્મ પિતામહ હજારો બાણથી વીંધાઈને જીવલેણ રીતે ઘાયલ થયા હતા. તેઓ ધર્મપરાયણ જીવન જીવ્યા હતા, એટલા માટે તેમને ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી ઇચ્છામૃત્યુનું વરદાન પ્રાપ્ત હતું. ભીષ્મ પિતામહે શરીરનો ત્યાગ કરવા માટે મકરસંક્રાંતિનો દિવસ પસંદ કર્યો હતો, જેથી તેમની અંતિમ યાત્રા પ્રકાશના માર્ગનું અનુસરણ કરે. બાણશૈયા પર સૂર્યની ઉત્તર દિશામાં યાત્રા આરંભ કરવાના મંગળમય સમયની પ્રતીક્ષા કરતાં-કરતાં તેમણે તેમના પૌત્ર, યુધિષ્ઠિરને 'શ્રીવિષ્ણુસહસ્રનામ'નો પાવન સ્તોત્ર પ્રદાન કર્યો.

મકરસંક્રાંતિના ઉત્સવને નવીનીકરણના સમય તરીકે પણ મનાવવામાં આવે છે. મકરસંક્રાંતિના દિવસથી, દિવસો લાંબા થતા જાય છે અને ગરમી વધતી જાય છે. ડાંગરનાં લીલાંછમ ખેતરોમાંથી તેમજ રાઈનાં પીળાં-પીળાં ફૂલો અને લીલા-સોનેરી શેરડીના સાંઠાઓથી છવાઈ ગયેલા ગ્રામીણ વિસ્તારમાંથી પાકને કાપતાં-કાપતાં ખેડૂતો આનંદ મનાવે છે. જ્યારે કોઈ વ્યક્તિ આ પાકથી લબાલબ ભરેલાં ખેતરોને જુએ છે ત્યારે તેના મન પર એક અનંત સોનેરી ધરતીની છાપ અંકિત થઈ જાય છે. ભારતભરમાં લોકો આ તહેવાર મનાવે છે, બસ પ્રદેશ અનુસાર તેનું નામ બદલાઈ જાય છે. ઉદાહરણ તરીકે, આ તહેવાર મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાનામાં મકરસંક્રાંતિના

નામે; તમિલનાડુમાં પોંગલના નામે; પંજાબ અને હરિયાણામાં લોહરી અને માઘીના નામે; ગુજરાતમાં ઉતરાણ અને આસામમાં માઘ બિહુના નામે મનાવવામાં આવે છે.

મહારાષ્ટ્ર રાજ્યમાં જ્યાં ભારતનો સિદ્ધયોગ આશ્રમ, ગુરુદેવ સિદ્ધપીઠ સ્થિત છે, ત્યાં મકરસંક્રાંતિના દિવસે એકબીજાંને તલ અને ગોળના લાડુ વહેંચવાની પ્રથા છે. લોકો એકબીજાંને લાડુ આપે છે અને મરાઠી ભાષામાં કહે છે, "તિલગુળ ઘ્યા ગોડ ગોડ બોલા" જેનો અર્થ છે, "તલ અને ગોળના આ મીઠા લાડુનો સ્વીકાર કરો અને એકબીજાં સાથે મધુરતાથી બોલો." આ વાક્યાંશ પાછળની ભાવના બહુ સુંદર છે — તે એક પ્રોત્સાહન છે કે આપણે પરસ્પરની કટુતાને ભૂલી જઈએ અને સંસારમાં વ્યાપ્ત મધુરતાને ફરી એકવાર યાદ કરીએ.

ભારતભરમાં હજારો લોકો પતંગ ઉડાવીને મકરસંક્રાંતિના તહેવારમાં ભાગ લે છે. તહેવાર ઊજવી રહેલાં આ લોકો, યુવાન અને વૃદ્ધ, ઘણીવાર એકબીજાં સાથે પતંગ ઉડાવવાની સ્પર્ધા કરે છે. વાતાવરણમાં હાસ્ય અને ઉલ્લાસ હોય છે — તે ભાગ લેનારાંઓ માટે તથા તેમને જોનારાંઓ અને તેમનો ઉત્સાહ વધારનારાંઓ માટે પણ એટલો જ આનંદપૂર્ણ હોય છે. બધાં પતંગ ઉડાવનારાંઓ ઇચ્છે છે કે જોરથી પવન ફૂંકાય અને તેમના પતંગને ઉડાવીને આકાશમાં ઊંચે લઈ જાય. દરેક વ્યક્તિ ઇચ્છે છે કે *તેમનો* પતંગ સૂર્ય દેવતાની સૌથી નજીક પહોંચી જાય.

જેમજેમ દિવસ પસાર થતો જાય છે તેમતેમ, ભૂરું આકાશ દરેક રંગ, આકાર, ડિઝાઈન અને કદની અગણિત પતંગોથી છવાઈ જાય છે. આકાશમાં પતંગોથી બનેલી આ સંરચનામાંથી પસાર થતાં સૂર્યનાં કિરણો તેજસ્વિતાથી ઝગમગે છે, રંગોના આ પરાવર્તનથી ધરતી અને તેના પર ઊભેલાં લોકો ઊર્જા અને ઉલ્લાસથી ભરાઈ જાય છે. આ એક અદ્‌ભુત દૃશ્ય હોય છે.

મકરસંક્રાંતિ મનાવવાની બીજી સુંદર રીતો છે, સિદ્ધયોગ નામસંકીર્તન 'નારાયણ, નારાયણ'ની ધૂન કરવી અને 'સૂર્ય ગાયત્રી મંત્ર'નું ગાન કરવું. સૂર્ય ગાયત્રી મંત્ર, સૂર્ય દેવતાનું સ્તુતિગાન છે, જે અનેક ગાયત્રી મંત્રોમાંનો મૂળ અને પ્રમુખ મંત્ર છે અને તેને આદિ ગાયત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ગાયત્રી મંત્રનું ગાન ૩, ૧૧, ૨૧ કે ૧૦૮ વાર (અથવા આ સંખ્યાને ગુણવાથી કે વિભાજિત કરવાથી જે સંખ્યા આવે, તેટલીવાર) કરવું વિશેષતઃ શુભ માનવામાં આવે છે. તમે સૂર્ય ગાયત્રી મંત્રને સિદ્ધયોગ પથ વેબસાઇટ પર આપવામાં આવેલા રેકૉર્ડિંગ સાથે ગાઈ શકો છો, જે આનંદ અને શક્તિથી પૂરિત 'વિભાસ' રાગમાં સંગીતબદ્ધ છે.

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.